સામેરી- પછીપ્રભુજી બોલિયા, અમે કરી લીળા અનેક ।
હવે વર્ષોવર્ષમાં, ઉત્સવ કરશું એક ॥૧॥
હોળી દિવાળી ને અષ્ટમી, રામનવમી ને શિવરાતરી ।
જયા વિજયા અકાદશી, પાપમોચની ને ધાતરી ॥૨॥
એહ દિવસ ઉત્સવ કર્યા, ત્યાં તેડાવિયા હરિજન ।
હવે અણતેડે આવજયો, પ્રબોધની એકાદશી દન ॥૩॥

કાર્તિકસુદી એકાદશી, તેહનું પ્રબોધની નામ ।
તેદિ સતસંગી સંત સહુ, આવજ્યો વડતાલ ગામ ॥૪॥
એવું સાંભળી શ્રવણે, ચાલ્યા દેશોદેશથી દાસ ।
ઉત્સવ ઉપર આવિયા, બ્રહ્મચારી સંત સંન્યાસ ॥૫॥
પૂર્વદેશ અયોધ્યા પ્રાંતથી, આવ્યા છે જન અનંત ।
કાશી મિથિલા પ્રાંતથી, આવ્યા ગંગાસાગરના સંત ॥૬॥
શોણભદ્ર પ્રાંતના, પ્રયાગ પ્રાંતના જન ।
ગયા પુરુષોત્તમપુરીથી, આવ્યા કરવા દરશન ॥૭॥
મથુરા વૃંદાવન પ્રાંતમાં, જે હતા મુમુક્ષુ જીવ ।
અવંતિ નગરીથી આવિયા, નયણે નિરખવા પિવ ॥૮॥
ઉત્તારદેશથી આવિયા, કાશ્મીર ને કુરુક્ષેત્રથી ।
હરદ્વાર પુષ્કર પ્રાંતના, આવ્યા અર્બુદાચળ પવિત્રથી ॥૯॥
મારુદેશ સિધ્ધપદ પ્રાંતના, એહ આદિ દેશ અપાર ।
દર્શન કરવા દયાળનાં, સહુ આવિયાં નરનાર ॥૧૦॥
પશ્ચિમ દેશથી આવિયા, સિંધુપ્રાંતના સેવનાર ।
કચ્છ વાગડ વાલાક સોરઠ, આવ્યા પાંચાળના રહેનાર ॥૧૧॥
સૌભીર આભીર હાલારના, જીયાં જીયાં હતા જન ।
તેહ સર્વે આવિયા, કરવા હરિદર્શન ॥૧૨॥
દક્ષિણદેશથી દર્શને, આવ્યા જન ઉમંગથી ।
સેતુબંધ રામેશ્વરના, આવ્યા વેંકટાદ્રિ શ્રીરંગથી ॥૧૩॥
પદ્મનાભ પ્રાંતના, આવ્યા મલિયાદ્રિપ્રાંતિ મળી ।
શિવ વિષ્ણુકાંચી પ્રાંતના, દંડકારણ્ય પ્રાંતના વળી ॥૧૪॥
વિંધ્યાચળ પ્રાંતના, વળી તપતી નર્મદાતટના ।
આવ્યા સહુ સહુ દેશથી, રટતા નારાયણ રટના ॥૧૫॥
કેટલેક જોડ્યાં ગાડલાં, કેટલાકને રથ વેલ્ય વળી ।
કેટલાંક બેઠાં ઘોડલે, બીજાં પગપાળાં આવ્યાં મળી ॥૧૬॥
બાળ જોબન વૃધ્ધ વનિતા, ઘેરે કોઈ ન રહ્યા ખમી ।

નારાયણને દર્શને, આવ્યાં ચાર વર્ણ ચાર આશ્રમી ॥૧૭॥
મહી સાભર વાત્રજ વચ્ચે, રૂડો ચડોતર દેશ ।
વૃક્ષ જીયાં વિધવિધનાં, વળી ફુલે ફળે હમેશ ॥૧૮॥
અંબ કદંબ ઉદંબરા, વળી અવલ આંબલી આંમળી ।
મઉડાં રૂડાં બકુલ બિલાં, શ્રીફળ શોભે સિતાફળી ॥૧૯॥
પિંપર વડ ગળી પિપ્પળા, જાંબુ લિંબુ ને જામફળી ।
રૂડી રાણ્ય ને રોહિડા, કોઠી કોટિમ ને કદળી ॥૨૦॥
કેશર કણેર કેવડા, અવલ છાંયા આસુતણી ।
સુંદર વૃક્ષ સોયામણાં, તેની જાતિ નવ જાય ગણી ॥૨૧॥
ફુલ વેલી ફુલી તિયાં, એકએકથી અતિઘણી ।
ચંપા ચમેલી ગુલાબ ગેરા, શી કહું શોભા તેતણી ॥૨૨॥
સઘન વન છાયા ઘણી, તેની ઢળી વળી લતા ખરી ।
જનમન રંજન જાણું, વન ભોવને મેલ્યા કરી ॥૨૩॥
તિયાં સારસ હંસ શુક મેના, કોકિલા કિલોલ કરે ।
મોર ચકોર ચાતક ચકવા, મીઠી વાણ્યે ઓચરે ॥૨૪॥
તિયાં સર સરિતા સોયામણાં, વળી વાવ્ય ને કુવા કઈ ।
અમળ જળ અખુટ ભર્યાં, જીયાં તોયનો ત્રોટો નહિ ॥૨૫॥
એવા ઉત્તમ દેશમાં, વળી વચ્ચે વરતાલ ગામ ।
અનેક ઉત્સવ કરી હરિ, કરીયું નિજધામ ॥૨૬॥
તિયાં સર્વે સતસંગી વળી, સંઘ લઈને ઉતર્યા ।
નારાયણને નિરખવા, અતિ હૈયામાં હરષે ભર્યા ॥૨૭॥
કૈક સર ને કૂપ તીરે, કૈક ઉતર્યાં ગામ ભવનમાં ।
કૈક ઉતર્યાં વૃક્ષ વાવ્યે, વળી કૈક વાડી વનમાં ॥૨૮॥
એમ સર્વે સીમમાં, વળી મનુષ્ય માય નહિ ।
ગાય પદ ગોવિંદનાં, જયજય શબ્દ રહ્યો થઈ ॥૨૯॥
પરસ્પર પૂછે મળી, અલબેલો કૈયે આવશે ।
જ્યારે જોશું જગપતિ, ત્યારે નયણાં સુફળ કાવશે ॥૩૦॥

સુંદર મૂરતિ શ્યામની, નખશિખાસુધી નિરખશું ।
અંગોઅંગ અવલોકતાં, વળી હૈયામાં ઘણું હરખશું ॥૩૧॥
ઉર્ધ્વરેખા અષ્ટકોણ આદિ, જાંબુ જવ જોશું જૈયે ।
કેતુ કમળ કુલિશ જોતાં, અંતર સુખ થાશે તૈયે ॥૩૨॥
સ્વસ્તિ અંકુશ સોયામણાં, વળી દક્ષિણ પગમાં દેખશું ।
નવ ચિહ્ન નિરખશું, ત્યારે જન્મ સુફળ લેખશું ॥૩૩॥
વામ પગમાં વિલોકશું, મત્સ્ય ત્રિકોણ કળશ વ્યોમને ।
ધનુષ ધેનુપગ પેખી, સુખ થાશે જોયે સોમને ॥૩૪॥
એડી રૂડી આંગળી, પગ અંગોઠે રેખા નખે ।
ગુલફ જંઘા જાનુ જોતાં, ચિહ્ન દોય વળી વામ પખે ॥૩૫॥
કરભસમ સરખા ઉરુ, નાભિ ઉંડી ગંભીર ઘણી ।
ઉર તરુ તમાલ શોભે, ક્યારે જોશું છબી છબીલાતણી ॥૩૬॥
કંઠ કંબુસમાન સુંદર, ભુજ ગજકરસમ વળી ।
હસ્તકમળ અરુણ ઓપે, કલિ વલિ એવી આંગળી ॥૩૭॥
અજબ કર આજાન બાહુ, નખ નિરખી જોશું જૈયે ।
કંઠમાં તિલ અવલ જોતાં, સુખ ત્યારે થાશે હૈયે ॥૩૮॥
ચિબુક અધર દશન દેખી, લેખશું લાવો લોચને ।
નાસિકાપાસે તિલ નિરખી, પુરશું મનોરથ મને ॥૩૯॥
કમળ નયણ સુભગ, વામ કાને એક તિલ વળી ।
ભ્રકુટિ ભાલનું ચિહ્ન ચિંતવતાં, દુઃખ સર્વે જાશે ટળી ॥૪૦॥
શિરે સુંદર શિખા સારી, જોશું નિહાળી નયણે ।
એવી મૂર્તિ અવલોકશું, વાલો બોલાવશે મીઠે વયણે ॥૪૧॥
એમ પરસ્પર કરે વાતો, અલબેલો જૈયે આવશે ।
દઈ દરશન દાસને, હરિ હેતે સહુને બોલાવશે ॥૪૨॥
વાટ જુવે વાલ્યમતણી, વળી જુવે વારુણી દિશે ।
મોહનજીને મળવા, સહુ હરિજન મનમાં હિસે ॥૪૩॥
ઉચ્ચો શબ્દ સાંભળે જૈયે, તૈયે જાણે આવ્યા જગપતિ ।

નાથજીને નિરખવા, અંતરમાં આતુર અતિ ॥૪૪॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે સર્વે હરિજન
મહારાજને દર્શને આવ્યા એ નામે અઠોતેરમું પ્રકરણમ્ ॥૭૮॥